રેદિમુ નંબર ૦૫/૨૦૨૫

**<u>આંક ૦૧ તળે હુકમ</u>**

(૧) હાલનો દાવો આ કામના વાદીએ પ્રતિવાદી પાસેથી વિજળી અધિનિયમ–૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબ રકમ વસુલ મેળવવા દાખલ કરેલ છે. પરંતુ વાદીની દાવા અરજી વંચાણે લેતા હકૂમતનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે. જેથી, વાદીના વિદ્ધાન વકીલશ્રીને સાંભળ્યા.

(૨) વાદીના વિદ્ધાન વકીલશ્રીની રજુઆત છે કે, તેમનો દાવો વિજળી અધિનિયમ–૨૦૦૩ની કલમ –૧૩૫ ની જોગવાઈ મુજબનો છે. અને તેથી સદર દાવો ચલાવવાની સત્તા સદર કાયદાની કલમ–૧૫૩ હેઠળ સ્થપાયેલ સ્પેશિયલ કોર્ટને રહેલ હતી. પરંતુ નામદાર સર્વોચ્ચ અદાલતે ***NORTH DELHI POWER LIMITED (NOW KNOWN AS TATA POWER DELHI DISTRIBUTION LTD.) VERSUS DEVINDER SINGH & ANR.*** ના કેસમાં તા. ૦૪/૧૨/૨૦૧૭ના રોજ જાહેર કરેલ ચુકાદા મુજબ અત્રેની અદાલતને સદર દાવો ચલાવવાની સત્તા રહેલી છે.

(૩) નામદાર સર્વોચ્ચ અદાલતનો ઉપરોક્ત ચુકાદો માનસહ વંચાણે લીધેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલતે સીવીલ અપિલ નંબર–૨૦૮૪૨/૨૦૧૭ ના કામે ચુકાદો આપતાં નિચે મુજબ ઠરાવેલ છે.

*It is clear from a perusal of the aforesaid sections that the Special Electricity Court acts as a Court of Sessions and has been set up to try offences that are committed under the Act. By no stretch of imagination can it be stated that a civil suit would be within the jurisdiction of such Court. We are, therefore, of the view that the impugned judgment deserves to be set aside.*

આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે ઉપરોક્ત ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે, વિજળી અધિનિયમની કલમ ૧૫૩ હેઠળ સ્થપાયેલ ખાસ અદાલતને માત્ર સદર અધિનિયમ હેઠળના ફોજદારી ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની

સત્તા રહેલી છે અને તેથી દિવાની દાવો ચલાવવાની સત્તા ખાસ અદાલતને મળેલ હોવાનુ માની શકાય નહી. અને તે રીતે વિજચોરીની રકમ વસૂલવા અંગેનો દાવો ચલાવવાની સત્તા માત્ર દિવાની અદાલતને રહેલી છે તેવુ આ અદાલત નમ્રપણે માને છે.

(૪) વધુમાં વિજળી અધિનિયમ–૨૦૦૩ ની કલમ–૧૩૫ ની જોગવાઇ વિજળીની ચોરીનો ગુનો તથા તે ગુનામાં કરવામાં આવેલ ફોજદારી ગુનાની સજા અંગેની છે. સદર જોગવાઇ દિવાની રાહે નાણા વસૂલ મેળવવાની કાર્યવાહીને લાગુ પડી શકે નહી. જેથી, હાલનો દાવો વિજળી અધિનિયમની કલમ–૧૩૫ ની જોગવાઇ મુજબનો નહી પરંતુ માત્ર સાદો નાણા વસૂલ મેળવવાનો દાવો છે તેવુ આ અદાલત માને છે.

(૫) દિવાની દાવો દાખલ કરવા અને ચલાવવા બાબતની કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લઇએ તો સીવીલ પ્રોસીજર કોડની કલમ–૯ ની જોગવાઇ નીચે મુજબ છે.

***કલમ–૯.*** *બાધિત ન હોય તો ન્યાયાલયો બધા દિવાની દાવાની ઈન્સાફી કાર્યવાહી ચલાવી શકશે: –*

*– જે દાવાની અંગે સુનાવણી સ્પષ્ટ કે ગર્ભિત રીતે બાધિત હોય તે સિવાયની તમામ દિવાની પ્રકારના દાવાની ( આમાં જણાવેલી જોગવાઇઓને આધિન રહીને) ઈન્સાફી કાર્યવાહી કરવાની ન્યાયાલયોને હકૂમત રહેશે.*

***સ્પષ્ટીકરણ ૧–*** *જે દાવામાં મિલકતના અથવા કોઈ હોદ્દાના હક્ક વિશે તકરાર હોય તે દાવો તેવા હકનો આધાર સંપુર્ણપણે ધાર્મિક વિધિઓ કે ક્રિયાઓ અંગેના પ્રશ્નોના નિર્ણય ઉપર હોય તો પણ દિવાની પ્રકારનો દાવો ગણાશે.*

***સ્પષ્ટીકરણ ૨–*** *આ કલમના હેતુઓ માટે સ્પષ્ટીકરણ –૧ માં ઉલ્લેખેલ હોદ્દા સાથે કોઈ મળતર જોડાયેલુ હોય કે ન હોય અથવા એવો હોદ્દો અમુક સ્થળ સાથે જોડાયેલ હોય કે ન હોય તે મહત્વનુ નથી.*

(૬) દાવો માંડવાના સ્થળ બાબતે જોઇએ તો સીવીલ પ્રોસીજર કોડની કલમ–૧૫ ની જોગવાઇ મુજબ દરેક દાવો સૌથી નિચેના દરજ્જાના જે ન્યાયાલયને તેની ઇન્સાફી કાર્યવાહી કરવાની સત્તા હોય તે ન્યાયાલયમાં માંડવો જોઇશે. કલમ–૧૯ ની જોગવાઇ મુજબ વ્યક્તિને અથવા જંગમ મિલકતને કરેલ અપકૃત્યનુ વળતર મેળવવા માટેનો દાવો તે અપકૃત્ય જે ન્યાયાલયની હકૂમતની સ્થાનિક હદમાં કર્યુ હોય તે ન્યાયાલયમાં અથવા પ્રતિવાદી રહેતો હોય કે ધંધો ચલાવતો હોય તે સ્થળની સ્થાનિક હકૂમત ધરાવતી અદાલતમાં દાવો માંડી શકાય. તેમજ કલમ–૨૦ ની જોગવાઇ મુજબ અન્ય તમામ દાવા જ્યાં પ્રતિવાદી રહેતા હોય અથવા જ્યાં દાવાનુ કારણ ઉપસ્થિત થયુ હોય તે સ્થળ ઉપર સ્થાનિક હકૂમત ધરાવતા ન્યાયાલયમાં દાવો દાખલ થઇ શકે.

(૭) હાલના દાવાની વિષયવસ્તુ ધ્યાને લઇએ તો વાદી સંસ્થા વિજ ઉત્પાદન અને વિતરણની વ્યવસ્થા પુરી પાડતી સંસ્થા છે અને પ્રતિવાદીએ અનધિકૃત રીતે વિજચોરી કરેલ હોવાનો આક્ષેપ હોઇ પ્રતિવાદી પાસેથી વિજચોરીની રકમ રૂા. ૩૦૭૦૫.૫૯ પૈસા વસૂલ મેળવવા વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે. હાલના કામે વાદી સંસ્થાની કચેરી તથા સબ ડીવીઝન મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના બાકોર મુકામે આવેલ છે તેમજ પ્રતિવાદી ખાનપુર તાલુકાના અમેઠીના ડામોર ફળિયાના રહીશ છે. તેમજ વિજચોરીનુ કૃત્ય પણ પ્રતિવાદી રહે છે તે સ્થળે થયેલ હોવાનો આક્ષેપ છે. આ સંજોગોમાં દાવો દાખલ કરવા અંગેની ઉપરોક્ત જોગવાઇઓ ધ્યાને લઇએ તો હાલનો દાવો ચલાવવાની સ્થાનિક હકૂમત પ્રિન્સીપાલ સીવીલ જજશ્રી અદાલત, ખાનપુર એટ બાકોરને રહેલી છે. વધુમાં દાવાની રકમ ધ્યાને લઇએ તો નાણાકીય હકૂમત પણ પ્રિન્સીપાલ સીવીલ જજશ્રી અદાલત, ખાનપુર એટ બાકોરને રહેલી છે.

(૮) આમ, હાલનો દાવો ચલાવવાની હકૂમત અત્રેની અદાલતની રહેતી ન હોઇ સી.પી.સી ઓર્ડર ૭ રુલ ૧૦ ની જોગવાઇ ધ્યાને લેતાં હાલનો દાવો હકૂમત ધરાવતા ન્યાયાલય સમક્ષ રજુ કરવા સારૂ વાદીને દાવા અરજી પરત સોંપવાનુ ન્યાયોચિત જણાતુ હોય નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>હુકમ</u>**

(૯) વાદીની દાવા અરજી (આંક–૧) હકૂમત ધરાવતા ન્યાયાલય સમક્ષ રજુ કરવા માટે વાદીને નિચેની શરતોને આધિન પરત સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**શરતો:–**

(૧) વાદીએ દાવા અરજીની  પ્રમાણિત નકલ સ્વખર્ચે મેળવી રજુ કરેથી તેમને અસલ દાવા અરજી પરત સોંપવાની રહેશે અને તે પ્રમાણિત નકલ રેકર્ડમાં સામેલ કરવી.

(૨) વાદીએ હુકમ તારીખથી દિન–૩૦ માં હુકમ મુજબ દાવા અરજી પરત મેળવી લઇ સક્ષમ હકૂમત ધરાવતી અદાલત સમક્ષ રજુ કરવાની કાર્યવાહી પુર્ણ કરી લેવી.

(૩) દાવા અરજી પરત સોંપવા અંગેના રજીસ્ટરમાં જરૂરી નોંધ કરવી તથા પરત સોંપ્યા અંગેનો શેરો દાવા અરજી ઉપર કરવો .

તે મુજબ હાલનો દાવો ફેસલ ગણવો.

તા.૧૦/૦૬/૨૦૨૬
સ્થળ – લુણાવાડા

(એચ એ પંડ્યા)
અધિક સિનીયર સીવીલ જજ
લુણાવાડા – મહીસાગર
(જી જે ૦૧૨૦૩)